# શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ઉત્સવ અને ઘર ઘરમાં ભાવ ભક્તિ પૂજા

તારીખ: સોમવાર, ૦૬.૦૪.૨૦૨૦ સમય: સવારે ૧૦.૩૦ થી બપોરે ૧૨.૦૦

આ વર્ષે, સંજોગો પ્રમાણે શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ઉજવણી સમૂહમાં કરવી શક્ય નથી તો આપણે મહાવીર સ્વામી પ્રભુનો જન્મોત્સવ ઘરમાં જ ઉજવીશું.
પૂજ્ય ગુરુભગવંતોના આદેશથી ભક્તિના ભાવથી આપણા ઘરને પ્રભુ મહાવીર સ્વામીના જન્મની જન્મભૂમિ બનાવીએ. આપણાજ પરિવાર સાથે (વેબકાસ્ટ દ્વારા ) સામૂહિક ભાવવાહી પૂજા સાથે જમોત્સવમાં ભાગ લેવા માટે ઓશવાલ એસોસિએશન ઓફ ધ યુ.કે. તરફથી આપને ભાવભર્યું આમંત્રણ છે. જન્મ ઉત્સવ ઉજવવા દ્વારા ઘરને મંદીર અને પરિવારના દરેક સભ્યને પરમાત્મા સ્વરૂપ બનાવવા માટે જરૂર લાભ લેશો.
આ ઉજવણી માટે, શક્ય હોય તો દરેકે પોતાના ઘરમાં એક થાળીમાં ભગવાનનો ફોટો અથવા પ્રતિમાજીને રાખી અને યોગ્ય સ્થાનમાં સ્થાપના કરવી. તેમની સન્મુખ બેસીને દર્શન અને પૂજા કરાવવામાં આવશે. ત્યાર બાદ શ્રી મહાવીર પ્રભુના જન્મ કલ્યાણકનો ઘંટનાદ, જન્મ ઉત્સવ ભક્તિ, આરતી અને મંગળ દીવો થશે.

## પૂજા માટેની સામગ્રી:

- વાસક્ષેપ (ન હોય તો ચંદન પાવડર અથવા કેસરવાળા ચોખા)
- ધૂપ
- દીવો
- મેચબોક્ષ
- ચોખા
- ફળ
- નૈવેદ્ય (મીઠાઈ કે સાકર)
- છૂટા પૈસા (પૂજા અને આરતી માટે)
- થાળી અને ડંકો (ઘંટડી)

નોંધ: કારણસર સામગ્રી ઓછી હોય અથવા ન હોય તો ભાવથી પૂજામાં લાભ લઈ શકો છો.
પૂજાની શરૂઆત સવારે ૧૦.૩૦ વાગ્યે થશે. ત્યાર પહેલાં આપ પરિવાર સાથે વિશ્વ શાંતિ માટે ૧૦૮ (એક માળા) અથવા શક્ય હોય એટલા નવકાર મંત્રનો જાપ કરશો.
આંગણે આવેલો સોનેરી અવસર ચૂકતા નહીં ઘરઘરમાં પ્રભુ વીર જન્મનો આનંદઉત્સવ જરૂર માનવશો

**જય જિનેન્દ્ર!**

નિલેશ ભગવાનજી શાહ - માનદ પ્રમુખશ્રી **OAUK** વર્ષા દિલીપ શાહ - ધાર્મિક સમિતિ અધ્યક્ષ **OAUK**

## પૂજા માટેની સામગ્રી

